# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17.09.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીના યશોભૂમિ ખાતે સેમિકોન ઈન્ડિયા 2026નું ઉદ્ઘાટન કરશે.

2) પ્રધાનમંત્રીના જન્મદિવસ અને તેમના જાહેર સેવામાં 25 વર્ષ પૂર્ણ થવાના અવસરે દેશભરમાં સેવા સંકલ્પ અભિયાનની ઉજવણી.

3) દેશભરમાં આજથી સ્વચ્છતા હી સેવા અભિયાન 2026નો આરંભ.

4) ભારતે પાકિસ્તાન-ચીન સરહદ પરના કથિત સંયુક્ત કમિશનને નકાર્યું.

5) અમેરિકાની પ્રતિનિધિ સભાનો રશિયા પર વ્યાપક પ્રતિબંધો લાદવાનો નિર્ણય.

6) પુરુષ ક્રિકેટમાં, ભારત - અફઘાનિસ્તાન વચ્ચે આજે T-20 આંતરરાષ્ટ્રીય શ્રેણીની અંતિમ મેચ.

......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-SEMICON INDIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીના યશોભૂમિ ખાતે SEMICON India 2026નું ઉદ્ઘાટન કરશે. પ્રધાનમંત્રી આ પ્રસંગે સભાને પણ સંબોધિત કરશે. આજથી યોજાનારી ત્રણ દિવસીય પરિષદ અને પ્રદર્શન 'સિલિકોન ટુ સિસ્ટમ્સ: બિલ્ડીંગ ધ ઇકોસિસ્ટમ' ની વિષયવસ્તુ  પર આયોજિત કરવામાં આવી રહ્યું છે.

વધુ વિગતો અમારા સંવાદદાતા તરફથી........

## VOICE CAST: ANUPAM

*(આ પરિષદ હેઠળ ભારતમાં સહયોગ, રોકાણ, નવીનતા અને પ્રતિભા વિકાસને આગળ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરાશે. સમાંતર સત્રોમાં ઉદ્યોગ ક્ષેત્રમાં પ્રગતિ, સહયોગ અને સંયુક્ત સાહસોને સરળ બનાવવા રચાયેલ છ દેશોની ગોળમેજી અને મહિલાઓના નેતૃત્વ પર એક મંચ સહિત અન્ય સત્રો આવરી લેવામાં આવશે. જેમાં 52 દેશોના પ્રતિનિધિઓ 150 થી વધુ વક્તાઓ અને  લગભગ 50 હજારથી વધુ મુલાકાતીઓ ભાગ લેશે. પ્રદર્શનમાં જાપાન, દક્ષિણ કોરિયા, મલેશિયા, નેધરલેન્ડ્સ, સિંગાપોર અને સ્વીડનનું પ્રતિનિધિત્વ કરતા છ દેશ પેવેલિયન, 12 રાજ્ય બૂથ, એક સ્ટાર્ટઅપ પેવેલિયન, ઇનોવેશન શોકેસ, વિદ્યાર્થી હેકાથોન અને કાર્યબળ વિકાસ પેવેલિયન દર્શાવવામાં આવશે.)*

# PM BIRTHDAY - GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ અને તેમના જાહેર સેવામાં 25 વર્ષ પૂર્ણ થવાના અવસરે, ભારતીય જનતા પાર્ટી આજે દેશભરમાં એક મહિના સુધી ચાલનારા "સેવા સંકલ્પ અભિયાન" નો પ્રારંભ કરશે.

આ પ્રસંગે, આજે તેમના વતન ગુજરાતના વડનગરથી "સેવા સંકલ્પ અભિયાન" શરૂ કરવામાં આવશે. કેન્દ્રીય ગૃહ મંત્રી  અમિત શાહ અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉજવણીના ભાગ રૂપે વડનગરથી વારાણસી સુધીની બાઇક રેલીને લીલી ઝંડી આપશે.

સાંભળીએ એક અહેવાલ:

**V/C- APARNA KHUNT**

# PM BIRTHDAY-KASHI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંસદીય મતવિસ્તાર વારાણસીમાં, તેમના જન્મદિવસ નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત છે એક અહેવાલ........

VOICE CAST - સુશીલ ચંદ્ર તિવારી

# PM BIRTHDAY WISHES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે મહાનુભાવો દ્વારા તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણને સોશિયલ મીડિયા પોસ્ટમાં શુભેચ્છા સંદેશમાં જણાવ્યુ, શ્રી મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ, ભારત સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા બન્યું છે. તેમણે ભાર મૂક્યો કે, 25 કરોડથી વધુ ભારતીયો અત્યંત ગરીબીમાંથી બહાર આવ્યા છે.

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, શ્રી મોદીની જાહેર સેવા પ્રત્યેની પ્રતિબદ્ધતા અને સમર્પણ બધા માટે પ્રેરણાદાયક છે.

# MORN. SWACHHATA HI SEVA 2026

દેશભરમાં આજથી સ્વચ્છતા હી સેવા અભિયાન 2026નો આરંભ થયો છે. આ અભિયાનની વિષયવસ્તુ સ્વચ્છતામાં સહભાગિતા: સ્વચ્છ ભારત, વિક્સિત ભારત છે. આ વર્ષનું અભિયાન સ્વચ્છતા લક્ષ્ય એકમો અને સ્વચ્છ જાહેર સ્થળોનું પરિવર્તન, સ્વચ્છ પાઠશાળા: સ્વચ્છતા માટે યુવા, સફાઈ મિત્ર સુરક્ષા સન્માન શિબિર, સ્વચ્છતા માટે જન ભાગીદારી, અને સ્વચ્છતા સે સમૃદ્ધિ સહિત પાંચ મુખ્ય સ્તંભોની આસપાસ કેન્દ્રિત છે.

આ વર્ષના અભિયાનની વિગતો શેર કરતાં, જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલે જણાવ્યું કે, વિશ્વ પ્રવાસન દિવસ નિમિત્તે, પ્રવાસન કેન્દ્રિત દરિયાકિનારા સહિત પ્રવાસન સ્થળોની સફાઈ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

1 ઓક્ટોબરના રોજ, એક દિન, એક ઘંટા અને એક સાથ હેઠળ દેશભરમાં એક સાથે સ્વૈચ્છિક શ્રમદાન અને સ્વચ્છતા અભિયાન યોજાશે.

# INDIAN COAST GUARD

ભારતીય તટ રક્ષક દળની 43મી કમાન્ડર્સ પરિષદનો આજથી નવી દિલ્હીમાં પ્રારંભ થશે. સંરક્ષણ રાજ્યમંત્રી સંજય સેઠ ત્રણ દિવસીય પરિષદની અધ્યક્ષતા કરશે.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે, આ પરિષદ વર્તમાન અને ઉભરતા દરિયાઈ સુરક્ષા પડકારો, ઓપરેશનલ તૈયારી અને સંસાધન જમાવટ, દળની ક્ષમતા વધારવા અને આધુનિકીકરણ યોજનાઓ અને રાષ્ટ્રીય દરિયાઈ વ્યૂહરચના અનુસાર સંગઠનાત્મક પ્રાથમિકતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

આ બેઠક ભારતીય કોસ્ટ ગાર્ડને મજબૂત બનાવવા અને દરિયાઈ હિતો અને રાષ્ટ્રીય સુરક્ષામાં તેની ભૂમિકા વધારવા માટેની સરકારની પ્રતિબદ્ધતાને ફરીથી પુષ્ટિ આપશે. આ કોન્ફરન્સ આત્મનિર્ભર ભારતના વિઝનને અનુરૂપ મેક ઇન ઇન્ડિયા પ્રોગ્રામ હેઠળ સ્વદેશીકરણને પ્રોત્સાહન આપવા માટેની પહેલોની પણ સમીક્ષા કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# US-INDIA

ઉર્જા મંત્રી મનોહર લાલે હ્યુસ્ટનમાં અમેરિકના ઉર્જા સચિવ ક્રિસ રાઈટ સાથે મુલાકાત કરી અને ભારતના પરમાણુ ઉર્જા વિસ્તરણ રોડમેપ અને અન્ય મુદ્દાઓ પર ચર્ચા કરી. તેઓ ગઇકાલે હ્યુસ્ટનમાં G20 ઉર્જા મંત્રીમંડળ બેઠકથી અલગ શ્રી રાઈટને મળ્યા હતા.

ઉર્જા મંત્રીના કાર્યાલયે જણાવ્યું કે, ચર્ચામાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, ઉચ્ચ-પ્રદર્શન કમ્પ્યુટિંગ અને ડેટા સેન્ટર્સ જેવા ઉભરતા ક્ષેત્રો માટે ભારતની પાવર ઇન્ફ્રાસ્ટ્રક્ચર જરૂરિયાતો તેમજ ભારતના પરમાણુ ઉર્જા વિસ્તરણ રોડમેપને આવરી લેવામાં આવ્યા હતા.

# CBFC NEW MEMBERS

કેન્દ્ર સરકારે ત્રણ વર્ષ માટે તાત્કાલિક અસરથી કેન્દ્રિય ફિલ્મ પ્રમાણન બોર્ડ –CBFCનું પુનર્ગઠન કર્યું છે. માહિતી અને પ્રસારણ મંત્રાલયે જણાવ્યું કે, પુનર્ગઠિત CBFCમાં વિનોદ અનુપમ, મનોજ જોશી, હંસરાજ હંસ, પ્રીતિ ઝિન્ટા, પંકજ ત્રિપાઠી, રિકી કેજ, સુનીલ શેટ્ટી, રૂપાલી ગાંગુલી અને પ્રિયદર્શન સહિત 18 સભ્યોનો સમાવેશ થાય છે.

માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા ગઈકાલે બોર્ડના પુનર્ગઠન અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું.

# MORN. MEA PCBJC

ભારતે પાકિસ્તાન-ચીન સરહદ પરના કથિત સંયુક્ત કમિશનને નકારી કાઢ્યું છે. પાકિસ્તાનને તેના ગેરકાયદે અને બળજબરીથી કબજા હેઠળના ભારતીય પ્રદેશ અંગે વ્યવસ્થા કરવાનો કોઈ અધિકાર નથી.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ગઈકાલે મીડિયાના પ્રશ્નોના જવાબ આપતા આ વાત કહી. તેમણે કહ્યું કે, ભારતનું વલણ સ્પષ્ટ અને સુસંગત છે. તેમણે કહ્યું કે, ભારતે ક્યારેય 1963ના ચીન-પાકિસ્તાન સરહદ કરારને માન્યતા આપી નથી.

તેમણે પુનરોચ્ચાર કર્યો કે, જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશો ભારતના અભિન્ન અને અવિભાજ્ય ભાગો રહ્યા છે અને હંમેશા રહેશે.

# US-RUSSIA-SANCTIONS

અમેરિકાની પ્રતિનિધિ સભાએ રશિયા પર વ્યાપક પ્રતિબંધો લાદવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે, જ્યારે રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિનને યુક્રેન સામે યુદ્ધ ચાલુ રાખવા વધુ નાણાકીય સંસાધનોની જરૂર છે.

પ્રતિનિધિ સભામાં વિધેયકની તરફેણમાં 262 સેનેટરોએ અને 159 એ વિરુદ્ધમાં મતદાન કર્યું. વિધેયક પસાર થયા બાદ, રાષ્ટ્રપ્રમુખને તેમના હસ્તાક્ષર માટે મોકલવામાં આવ્યું છે.

આ વિધેયક રશિયાની ઊર્જા પુરવઠા પ્રણાલી પર પ્રતિબંધો લાદે છે અને અમેરિકના રાષ્ટ્રપ્રમુખ રશિયન તેલ અને કુદરતી ગેસના ટોચના પાંચ આયાતકારો પર 100 ટકા સુધીના ટેરિફ લાદવાની મંજૂરી આપે છે.

# USA – INFLATION

અમેરિકા ફેડરલ રિઝર્વે સતત ઊંચા ફુગાવાને ઘટાડવાના પ્રયાસરૂપે 2023 બાદ પહેલી વાર તેના બેન્ચમાર્ક વ્યાજ દરમાં વધારો કર્યો છે. મધ્યસ્થ બેંકે આ વર્ષના અંતમાં બીજો દર વધારાનો સંકેત પણ આપ્યો છે. ક્વાર્ટર-પોઇન્ટ વધારાથી ફેડનો મુખ્ય દર લગભગ 3.9 ટકા સુધી વધી શકે છે અને સમય જતાં, મોર્ટગેજ, ઓટો લોન અને ક્રેડિટ કાર્ડ માટે ઉધાર ખર્ચમાં વધારો થઈ શકે છે.

# CRICKET

પુરુષ ક્રિકેટમાં, ભારત આજે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે અફઘાનિસ્તાન સામે ત્રણ મેચની T-20 આંતરરાષ્ટ્રીય શ્રેણીની ત્રીજી અને અંતિમ મેચ  રમશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

દરમિયાન ભારતે પહેલી બે મેચમાં શાનદાર જીત મેળવીને શ્રેણી પર અજય સરસાઈ મેળવી છે. ભારતે બંને મેચમાં 7 વિકેટથી વિજય મેળવ્યો છે.

# MORN. CHEETAH POPULATION

નામિબિયા, દક્ષિણ આફ્રિકા અને બોત્સ્વાનાથી ભારત લવાયેલા ચિત્તાઓની સંખ્યા ચાર વર્ષમાં વધીને 52 થઈ છે. જેમાંથી, 49 હાલમાં કુનો રાષ્ટ્રીય ઉદ્યાનમાં અને ત્રણ ગાંધી સાગર અભયારણ્યમાં છે. પ્રોજેકટ ચિતા કાર્યક્રમના પ્રારંભ બાદ દેશમાં ચિત્તાના 32 બચ્ચા જન્મ્યા છે.

કુનો રાષ્ટ્રીય ઉદ્યાને જણાવ્યું કે, કાર્યક્રમના ચાર વર્ષ પછી, માદાઓના સંવર્ધન અને બીજી પેઢીના બચ્ચાઓનું અસ્તિત્વ, ભારતના ચિત્તા પુનઃપ્રસારના પ્રયાસોમાં એક મહત્વપૂર્ણ એકીકરણ તબક્કો દર્શાવે છે.

# UN-CHIEF-AI

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે કૃત્રિમ બુદ્ધિમતા - (AI) દ્વારા ઉભા થતા જોખમોનો સામનો કરવા વૈશ્વિક સ્પર્ધકો વચ્ચે સહયોગની હાકલ કરી છે. તેમણે ચેતવણી આપી કે, વિશ્વ AI સલામતીના ધોરણોને ઘટાડી શકે તેમ નથી. તેમણે કહ્યું, નાગરિકોને AI-સંબંધિત જોખમોથી બચાવવા એ સરકારોની પ્રાથમિક જવાબદારી છે, જેના માટે રાષ્ટ્રીય કાર્યવાહી તેમજ વૈશ્વિક સંકલનની જરૂર છે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકીતા શાહ

- આજના તમામ અખબારોએ અલગ અલગ સમાચારોની હેડલાઈન બનાવી છે..
- દિવ્ય ભાસ્કર લખે છે અર્થવ્યવસ્થાની તેજ ગતિથી BRICS અને G20ના વિશ્વમંચ સુધી- મોદીજીના વિઝનથી ભારતની વધતી વૈશ્વિક ઓળખ અને પ્રભાવ..
- સંદેશ અખબારની હેડલાઈન છે EPFO હેઠળ માસિક રૂપિયા 25 હજાર વેતન મર્યાદાને મંજૂરી.. પીએમ મોદીનો આજે જન્મદિવસ સમગ્ર વિશ્વમાથી અભિનંદનની વર્ષા..
- ગુજરાત સમાચાર લખે છે યુપીઆઈ પર ચાર્જ નાંખી વગર જોઈતી આફત વહોરી..
- નવગુજરાત સમાચારનુ શિર્ષક છે હવે 25 હજારના પગારદારનો પણ PF કપાશે..
- સ્થાનિક સમાચારો પર નજર કરીએ તો પીએમ મોદીના જન્મદિન નિમિતે વડનગરથી વારાણસી સુધી બાઈક યાત્રાનો પ્રારંભ.. ગુજરાત ભાજપમા 6 જિલ્લા માટે નવા પ્રાભારીની નિમણૂક...અમરેલીના આંબરડીમા વીજ કરંટથી ભાઈ બહેનના મૃત્યુ..ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી જાહેર 11 ઓક્ટોબરે મતદાન, 13મીએ મતગણતરી...